ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# સપ્તપદી નવલકથા (કથાવસ્તુ)

Navinchandra Mangeshkumar Solanki

Research Scholar,

Dept. of Gujarati School of Langauges, Gujarat University, Ahmedabad

drnavinsolanki29@gmail.com

પ્રકાશ ત્રિવેદીની 'સપ્તપદી' નવલકથા 'જન્મભૂમિ'માં હપ્તાવાર પ્રસિદ્ધ થઈ હતી. સત્યઘટના પર આધારિત આ નવલકથા મોટાભાગના પ્રસંગો કલ્પિત છે. ગુજરાતી સાહિત્યની પ્રથમ સંવાદાત્મક નવલકથા તે 'સપ્તપદી'. આ નવલકથાનું કથાવસ્તુ જોઈએ તો -

શ્વેતા એ આ નવલકથાનું મુખ્ય પાત્ર છે. આખી નવલકથામાં કેન્દ્રસ્થાને શ્વેતા છે. અમેરિકા જવું કોને ન ગમે! શ્વેતા ફિલ્મોમાં જોયેલું અમેરિકા, ક્યાંક સાહિત્યમાં વાંચેલું કે સાંભળેલું- એથી તે પણ અમેરિકા જવા માટેની તૈયારી બનાવે છે. શ્વેતાના મામા કિરીટની વાત લઈ શ્વેતા પાસે આવે છે. કિરીટ શ્વેતાની મામીના કોઈ સગાનો છોકરો છે. તેથી મામા પાસે કિરીટના ઘરની જાણકારી પહેલેથી જ હતી. જો શ્વેતા અને કિરીટ એકબીજાને પસંદ કરે તો જ વાત આગળ વધે. ને એવું જ બને છે. બન્નેને એકબીજા ગમી જાય છે. ને વાત આગળ વધે છે. શ્વેતાના લગ્નસમયે ઘણાં જ્યોતિષીઓના કહેવા મુજબ બન્નેની નાડી મળતી હોવાથી સંતાન પ્રાપ્ત નહીં થાય. તો કોઈક એમ કહે છે કે આ લગ્ન જ શક્ય નથી. પણ કિરીટના મમ્મી ગ્રહશાંતિ કરાવીને પણ આ લગ્નની તૈયારી બતાવે છે. લગ્ન પહેલાં કિરીટના મમ્મી શ્વેતાને ઘરે જઈને કિરીટને ખાતર રિસેપ્શનની વાત કરે છે. ભલે સિવિલ મૅરેજ કરો પણ લગ્ન તો કોઈ મોટી ને સારી હોટલમાં જ ગોઠવો. શ્વેતા કંકોત્રીમાં ચાલ્લો અને ભેટ અસ્વીકાર્ય છે એમ કહે છે પણ સાસુ એની વાત જ સાંભળતી નથી. આવેલી રકમમાંથી સાસુ એમના બીજા દીકરા-દીકરીના લગ્નમાં ખર્ચ કરે છે. શ્વેતાને લગ્નમાં જે ભેટ આવે છે તે ટેક્સાસ લઈ જવાની હતી. એટલે બધી જ વસ્તુઓ એ અહીં જ મૂકી જાય છે. ને કિરીટનું ઘર ભેટોથી ભરાઈ જાય છે.

શ્વેતાના ગૃહસ્થ જીવનની શરૂઆત તો હવે થાય છે. શ્વેતા પ્રથમ વાર ટેક્સાસ જવાની હોય છે ત્યારે કિરીટ શ્વેતાને લેવા માટે ટેક્સાસથી ન્યૂયૉર્ક જવાના પૈસા ખર્ચે એમાં શું માલ છે? અને શ્વેતાને ન્યૂયૉર્કથી ક્લાસ ફ્લાય એકલું જવું પડે છે. સામે કિરીટ પાંચ વાગે લેવા આવવાનો હતો પણ તે મોડો આવે છે. જાણે તપ કરવાનું તો શ્વેતાના નસીબમાં હતું. શ્વેતા પહેલીવાર ટેક્સાસના ઘરમાં પગ મૂકે છે. કિરીટ અને તે સાથે ચા પીવે છે. લાંબી મુસાફરી કરીને આવેલી શ્વેતા નાહવા માટે જાય છે. ટેક્સાસની ગરમીનો પ્રથમ અનુભવ તેને થાય છે. શાવરમાં પ્રથમ ઠંડુ પાણી અને પછી ગરમ પાણીનો ધોધ વહે છે. શ્વેતા આખા શરીરે દાઝી ને કૂદકો મારીને સીધી ટબમાંથી બહાર આવી. બારીનો પડદો પકડતાં પડદો ફાટી ગયો. કિરીટ કાંઈ પૂછે કે જાણે એ પહેલાં તો શું વાંદરાની જેમ ઠેકડા મારે છે એમ કહી ગુસ્સે થાય છે. એ પરથી શ્વેતા સમજી શકે છે કે કિરીટને એની વસ્તુ વધારે વહાલી લાગે છે.

કિરીટ અને શ્વેતાના સંબંધમાં બે આડખીલીરૂપ વસ્તુઓમાંથી એક હતી ટપાલ અને બીજું બાથરૂમ. ટપાલની વાત વિચિત્ર હતી. ટપાલપેટીની ચાવી એક જ હતી. કિરીટ શ્વેતાને ક્યારેય ટપાલ વાંચવા ન આપે તેમજ લેવા પણ ન દે. શ્વેતા બીજી ચાવીની માંગ કરે પણ કિરીટ વાયદા બતાવે. એકવાર શ્વેતા ન્હાવા ગઈ હોય છે ને ટપાલી આવે છે ત્યારે શ્વેતા સીધી જ બાથરૂમમાંથી બહાર દોડી આવે છે. તે ટપાલ લેવા જાય છે. કિરીટને પણ આવવાનો સમય થયો હોય છે તે રસોઈની થોડી તૈયારી કરી લે છે. દરવાજો ખખડે છે. શ્વેતા જે તે હાલતમાં જ દરવાજો ખોલે છે ને કિરીટ તે જોઈ વધારે ઉશ્કેરાઈ જાય છે. બેંકના ખાતામાં પણ શ્વેતાનું નામ નથી. કિરીટ ખોલાવી પણ નથી આપતો. કિરીટ ટપાલ અને બેંકની માહિતીથી શ્વેતાને કાયમ અજાણ જ રાખતો. એનું કારણ એ કે શ્વેતાના પપ્પા શ્વેતા માટે જે રકમ મોકલે તે હતું. કિરીટના મનમાં ડર હતો કે આ વાતની જાણ શ્વેતાને થશે તો તે ઉશ્કેરાશે ને પછી એ પપ્પાને પૈસા નહીં આપવા માટે કહી દેશે એવો ડર કિરીટના મનમાં હતો.

થોડાંક સમય પછી શ્વેતા પ્રેગ્નન્ટ થાય છે. તે પ્રેગ્નન્સીની વાત કિરીટને સાસરીમાં ફોન કરી જણાવે છે. કિરીટની મમ્મી તે સમયે હર્ષ દાખવવાને બદલે આળસ ન કરવી, સતત કામ કરવું જેવા સલાહ સૂચનો આપે છે. આ સાંભળી શ્વેતા દુઃખી થાય છે કારણ કે કિરીટ પણ માવડિયો છે ને તેમનું કીધું કરવામાં માનનારો છે. જમવાની બાબતમાં પણ કિરીટ શ્વેતાને ઘણીવાર ન બોલવાનું બોલી બેસે છે. શ્વેતાને ત્યારે પણ દુઃખ થાય છે.

શ્વેતા મુક્ત મનની અને મુક્ત વાતાવરણમાં ઉછરેલી યુવતી છે. તેના પિતા પૈસા ટકે સુખી હતા. તે ફ્રિડમથી જીવતી યુવતી

છે ને આવો અહેસાસ તેનામાં મિન્ડીને કારણે આવ્યો હતો. મિન્ડી ફ્લોરિડાની રહેવાસી હતી. શ્વેતાના મમ્મીએ પોતાના ઘરે રાખી હતી. ને શ્વેતા સાથે એક જ રૂમમાં રહેતી. ફ્રિડમથી જીવતી આ મિન્ડીની આખી લાઈફ સ્ટાઈલ જ અલગ હતી. તે વાતો કરવામાં ભારે હોંશિયાર, મિન્ડીને શ્વેતાનો ભાઈ રાજ એટલે કે રાજેશ ખૂબ ગમતો. શ્વેતાને બે ભાઈ રાજ (રાજેશ) અને રાકેશ. બન્ને શ્વેતાથી નાના હતા. શ્વેતા આ અમેરિકન પ્રાણીને નીરખ્યા જ કરતી. મિન્ડી પણ કોઈપણ જાતની શોચ-શરમ રાખતી નહીં તેમજ જે કહે તે પાળે એવી ધગશવાળી અને પ્રયત્નશીલ છોકરી છે.

કિરીટ શ્વેતાના પપ્પા પાસેથી પૈસા મંગાવતો. આ વાત શ્વેતાને માલૂમ થાય છે ત્યારે તે શ્વેતાને મારે છે તેમજ શ્વેતાને વેશ્યા, રંડી કે કુત્તિ કહીને અનાબશનાબ બોલતો. એકવાર સાત મહિનાની પ્રેગ્નન્સી વખતે કિરીટ શ્વેતા પર હાથ ઉપાડે છે ત્યારે શ્વેતા આ વેર વાળવા બદલ કહી દે છે કે આ પેટમાંનું બાળક તારું નથી! તે સાંભળી કિરીટ અટકે છે. જોષીના કહેલા શબ્દો યાદ આવે છે કે આ લગ્નમાં બાળક નહીં થાય. શ્વેતામાં વંધ્યત્વ નહોતું તે સાબિત થાય ને કિરીટના ઈગોને ફટકો પહોંચ્યો કે બાળક એનું ન હોય તો એ નપુંસક પુરવાર થયો. થોડાં દિવસ બાદ કળ વળી એટલે તે શ્વેતાને પૂછે છે કે -

"તું મને કહે, સાચ્ચેસાચ્ચું કહે કે આ બાળક કોનું છે? મારું જ છે. હું માનીશ. તારામાં મને વિશ્વાસ છે…"[1]

શ્વેતા લમાઝના ક્લાસ ભરવાનું નક્કી કરે છે જ્યાં બાળકના જન્મ પહેલાં થોડી કસરતો શીખવાડે છે ને ખાસ તો શ્વાસોશ્વાસ કેમ લેવા તે. પ્રસુતિની પીડામાં રાહત મળે છે. તે પોતાની સાથે લમાઝના ક્લાસ ભરવા કિરીટને પણ જોડે આવવા આગ્રહ કરે છે. કિરીટ પહેલા તો ના પાડે છે પણ પછીથી તે આવે છે. લમાઝના ક્લાસના ચાર્જમાં સિસ્ટર મૅરી હતી. કિરીટ શ્વેતાની સોનોગ્રાફી કરાવવા માટે મેરી આગળ કનડતો. કિરીટને જાણવું હતું કે શ્વેતાના પેટમાં બાબો છે કે બેબી. પણ સિસ્ટર મેરીએ કિરીટને પહેલી નજરે જ ઓળખી પાડ્યો હતો ને ઘસીને ના પાડી દીધી હતી. ને આગળ જો કંઈ ગરબડ કરશે તો પોલીસને બોલાવવાની ધમકી આપી. એવામાં જ શ્વેતાને ત્રણ મહિના પહેલાં જ બાબો જન્મે છે. સિસ્ટર મેરી શ્વેતાને હૉસ્પિટલમાં જોઈ ગભરાઈ જાય છે. તેથી તે વૉર્ડની નર્સો તથા વૉર્ડબોયને શ્વેતાની ખાસ દેખરેખ રાખવા માટે કહે છે.

પાંચેક દિવસ પછી હૉસ્પિટલમાંથી શ્વેતાને ઘરે જવાનો દિવસ આવ્યો. બાળક પણ તંદુરસ્ત હતું. રજા લેવાના આગલે દિવસે શ્વેતા જ્યારે ઘેનમાં હતી. બાબાના જન્મથી શ્વેતાને ટાંકા આવ્યા હતા. એ આરામમાં હતી ત્યાં કિરીટ અંદર આવે છે. બારણું બંધ કરી ખુરશી આડી મૂકે છે. શ્વેતાનામાં તો કોઈ તાકાત જ નહોતી કે તે પ્રતિકાર કરી શકે. કિરીટ તેની પથારીમાં આવી તેની સાથે સૂઈ જાય છે એના પર ચઢી જાય છે. આ હતો સેકન્ડ રેઈપ! શ્વેતાનો અવાજ પણ બંધ થઈ જાય છે ને ગભરાઈને પાછી બેભાન થઈ જાય છે. એવામાં જ સિસ્ટર મેરી ત્યાંથી પસાર થતાં હોય છે ને આ જોઈ જાય છે. દરવાજાને ધક્કો મારીને બારણું ખોલી નાખે છે. ગભરાયેલો કિરીટ ત્યાંથી ભાગી જાય છે. લોહીલુહાણ થયેલી શ્વેતાને ફરીથી ટાંકા લેવા પડે છે. બીજા બે ચાર દિવસનો ખાટલો લેવાનો થાત પણ બચી જાય છે. પછી તો સિસ્ટમ મેરી છેક સુધી શ્વેતાને સાથ આપે છે. આ બધું થયા પછી શ્વેતાનો નિર્ણય ડિવૉર્સ લેવાનો થાય છે.

ડિવૉર્સ લેવામાં વિભા અને ધવલ મદદ કરે છે. ધવલ કિરીટનો મિત્ર છે. ધવલ શિકાગોમાં રહે છે. ટેક્સાસથી આવેલી શ્વેતા તેમના ત્યાં રોકાય છે ને સમગ્ર ઘટનાને બન્નેની આગળ રજૂ કરે છે. તેથી ધવલ અને વિભા શ્વેતાને ડિવૉર્સ લેવામાં મદદરૂપ થવા તૈયાર થાય છે. શ્વેતાને ત્રણ બાબત અહીં મુખ્ય થઈ પડી છે. એક છૂટાછેડા લેવા, બીજું એલીમોની અને ત્રીજું કે મમ્મી-પપ્પાના કિરીટે પડાવેલા આજ સુધીના પૈસા. આ ઘટનાને અંજામ આપવા ધવલ શ્વેતાના વકીલ તરીકે તેમજ બાળકની કસ્ટડી અપાવવા તૈયાર થાય છે. આમ તો ધવલ ઈજનેર છે પણ વકીલની ભૂમિકા ભજવે છે. મિ. સ્મિથ જે કિરીટના વકીલ હોય છે. તે કોર્ટની બહાર શ્વેતાને મદદરૂપ થાય છે. મિ. સ્મિથ જ્યારે વિલિયમ્સના સમન્સ દ્વારા શ્વેતાને દબાવવાની વાત કરે છે ત્યારે શ્વેતા પણ સિસ્ટર મેરીને કોર્ટમાં હાજર કરવાની વાત મૂકે છે. તેથી કિરીટના વકીલ મિ. સ્મિથ થાળે પડી જાય છે. જીત શ્વેતાની થાય છે. બાબાની કસ્ટડી શ્વેતાને મળે છે. ધવલને અફસોસ થાય છે કે,

"…એ બાપ થઈ શક્યો પણ પપ્પા થવામાંથી ચૂકી ગયો. જેવા એનાં નસીબ, બીજું શું?"[h]

અંતમાં ધવલ મજાકમાં કહે છે કે,

"...તું મોટું મહાકાવ્ય ભજવી શકી પણ સીતા કે દ્રૌપદી થવાનું ચૂકી ગઈ."[3]

ત્યારે શ્વેતા જવાબ વાળે છે કે,

"મારે ક્યાં એવું કંઈ થવુ જ હતું?"[4]

તો ધવલ પૂછે છે કે,

"તો શું થવું'તું? કે એમ પૂછું, હવે શું થવું છે."[Ãk]

શ્વેતાનો જવાબ :

"મમ્મી મને કહેતી તું મારી એકની એક દીકરી. હમણાં મારા એકનાએક દીકરીની મા. એટલે હું બસ શ્વેતા થઉં તોયે બસ."[6]

નવલકથાના અંતમાં શ્વેતાના અંતિમ શબ્દો જોઈએ તો -

"આખી પુરૂષજાત પર મને ધિક્કાર ના થાય એટલે ભગવાને મને વહાલસોયા પપ્પા આપ્યા, તમારા જેવા બે ભાઈ આપ્યા ને વહાલામાં વહાલો એવો બાબો આપ્યો. એની મમ્મી થઈને મહાલું તે હમણાં પૂરતું બસ છે."[7]

## પાદટીપ

(૧) સંકલિત નવલકથા- પ્રકાશ ત્રિવેદી, બીજી આવૃત્તિ ૨૦૦૩, પ્રકાશકઃ કાર્તિક ર. ત્રિપાઠી, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, પૃ.૯૪

(૨) એજન, પૃ.૧૦૭

(૩) એજન, પૃ.૧૦૭

(૪) એજન, પૃ.૧૦૭

(૫) એજન, પૃ.૧૦૭

(૬) એજન, પૃ.૧૦૭

(૭) એજન, પૃ.૧૦૭

## સંદર્ભ ગ્રંથ

(૧) સંકલિત નવલકથા- પ્રકાશ ત્રિવેદી, બીજી આવૃત્તિ ૨૦૦૩, પ્રકાશકઃ કાર્તિક ર. ત્રિપાઠી, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, પૃ.૯૪

(૨) 'સ્વાધ્યાય અને સમીક્ષા', હસિત મહેતા, ઉદ્દેશ, એપ્રિલ-૨૦૦૫, તંત્રી : રમણલાલ જોશી, પૃ.૩૪૩-૩૪૫

બી-૩૫, જય રઘુવીર સોસાયટી, પ્રભાકર ટેનામેન્ટની સામે, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫
(મો) ૯૪૨૯૩ ૦૪૬૧૭ Email : navinsolanki17@gmail.com

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~